# ગાંધીનગર જિલ્લામાં માસ્ક-સેનિટાઈઝરની બોટલનો જથ્થો ઉપલબ્ધ માત્રામાં

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસને નાથવા માટે માસ્ક અને સેનિટાઈઝરનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે. આજના દિવસમાં ગાંધીનગર જિલ્લાના વાસીઓ માટે ૪૨,૨૨૧ માસ્ક અને ૧૧,૭૭૪ બોટલ સેનિટાઈઝરનો જથ્થો પર્યાપત માત્રામાં છે, તેવું ફૂડ એન્ડ ડ્રગ્સના નાયબ કમિશનર શ્રી એસ.જી.શાહે જણાવ્યું છે.



ફૂડ એન્ડ ડ્રગ્સના નાયબ કમિશનર શ્રી એસ.જી.શાહે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં માસ્કનો પૂરતો જથ્થો છે. આજે તા. ૨૯મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં ૪૨,૨૨૧ માસ્ક ઉપલબ્ધ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૨,૭૫૨, કલોલ તાલુકામાં ૯,૪૯૩, માણસા તાલુકામાં ૨૯૨૨ અને દહેગામ તાલુકામાં ૭,૦૫૪ માસ્ક નો જથ્થો પર્યાપત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સેનિટાઈઝર એ મહત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. તેમજ તે હાથે લગાવવાથી કોરોના વાયરસનો ફેલાવો અટકાવી શકાય છે. આ સેનિટાઈઝરનો જથ્થો પણ ખૂબ સારી માત્રામાં ગાંધીનગર જિલ્લામાં છે. આજે તા. ૨૯મી, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ-૧૧,૭૭૪ બોટલ સેનિટાઈઝરની ઉપલબ્ધ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૬,૯૬૦, કલોલમાં ૨,૧૬૮, માણસામાં ૧,૬૨૮ અને દહેગામમાં ૧૦૧૮ સેનિટાઈઝરની બોટલનો જથ્થો ઉપલબ્ધ છે.

આમ નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ ઘટાડવા માટે જરૂરી માસ્ક અને સેનિટાઈઝરનો જથ્થો આપણી પાસે છે. તે ઉપરાંત જેમ જેમ વિવિધ વિસ્તારના મેડિકલ સ્ટોર્સમાંથી આ જથ્થાનું વેચાણ થતું હોય છે. તેમ તેમ તે તાલુકાને માલ સપ્લાય નિયમિત રીતે કરવામાં આવે છે. આ બન્ને વસ્તુના વિતરણની સુચારું વ્યવસ્થા ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવી છે.

# ધણપ ગામે ક્રિકેટ રમતા યુવાનોએ પોલીસ કર્મચારી પર હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨૯

કોરોનાનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે. રાજયમાં કોરોનાના કેસમાં ચિંતાજનક રીતે વધી રહ્યા છે. નાગરીકો ઘરમાં પુરાઈ બેસીને સમય પસાર કરી રહ્યા છે. તો બીજીતરફ પોલીસ તંત્ર, આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ રાત દિવસ મહેનત કરી રહ્યા છે. ત્યારે કેટલાક નાગરીકો હજુ પણ વાતને ગંભીરતાપૂર્વક ન લઈને ઘરે બેસી રહેતા નથી. ત્યારે ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા ધણપ ગામે કેટલાક યુવાનો લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે ક્રિકેટ રમી રહ્યા હતા. ક્રિકેટ રમી રહેલા યુવાનોને ઘરે જવા માટે પોલીસ કર્મચારીએ કહેતા જ ઉશ્કેરાઈ ગયા હતા અને પોલીસ કર્મચારી પર હુમલો કરી દીધો હતો.જેમાં પોલીસ કર્મચારીને માથાના ભાગે તેમજ સાથળના ભાગે ઈજા પહોચી છે. પોલીસ પર હુમલાની ઘટનાને પગલે ચિલોડા પોલીસ મથકનો કાફલો ધણપ ગામે ગોઠવી દેવામાં આવ્યો હતો. ચિલોડા પોલીસે ૯ યુવાનો સામે રાયોટીંગ, ફરજમાં રૂકાવટ, ધમકી, અને ચાલુ ફરજે હુમલા અંગે તેમજ જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ મથકના હે.કો.મોહનભાઈ સુરસિંહ પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન ધણપ ગામ પાસે પહોંચ્યા હતા. કેનાલ પાસે રામદેવપીર મંદિરના નજીક ગામના કેટલાક યુવાનો ક્રિકેટ રમી રહ્યા હતા.જેને પગલે પોલીસ કર્મચારીઓએ યુવાનોને ઘરે જવાનું કહેતા તેઓએ માથાકુટ ચાલુ કરી હતી.

ત્યારબાદ ઉશ્કેરાયેલા યુવાનોએ પોલીસ કર્મચારી મોહનભાઈ પર હુમલો કરી દીધો હતો. મોહનભાઈને બેટ વડે મારતા તેમને સાથળ અને માથાના અને હાથના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસે વનરાજસિંહ વિષ્ણુસિંહ રાણા, પ્રેમસિંહ રાણા, શકિતસિંહ અશોકસિંહ રાણા, હિતેશ પ્રવિણસિંહ રાણા, દિલિપસિંહ વિનુજી રાણા, યશરાજસિંહ છત્રસિંહ રાણા સામે રાયોટીંગ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે.પોલીસ કર્મચારી હુમલા બાદ યશરાજસિંહને પોલીસે પકડી પાડ્યો છે. જયારે બાકીનો યુવાનોને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

તો બીજતરફ ધણપ ગામના સ્મશાન પાસે કેટલાક શખ્સો ક્રિકેટ રમી રહ્યા હતા. જેથી પોલીસે ગામના દશરથ શનાભાઈ રાવળ, વિપુલ જુગાજી ઠાકોર, સોમાભાઈ જગાજી ઠાકોર, દશરથ બાબુજી ઠાકોર સામે ભારત સરકારે બહાર પાડેલા જાહેરનામાના ભંગ બદલ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**



લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવવા માટે પોલીસે સમગ્ર શહેરમાં પેટ્રોલીંગ શરૂ કર્યુ છે. ગંભીર પરિસ્થિતિ હોવા છતાં ઘણા લોકો હજુ કારણ વગર ઘરની બહાર નીકળી રહ્યા છે. સેક્ટર-૧૫ આઈટીઆઈ સર્કલ પાસે બાળકોને બાઈક પર બેસાડી લટાર મારવા નીકળેલા બાઈકચાલકને પોલીસે પકડ્યો હતો અને બાઈક ડીટેઈન કરવાની કાર્યવાહી કરી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ અને તેમના સખીઓ દ્વારા શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો માટે રસોઈ બનાવીને વિતરણ કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા મહાનગરમાં સેવાકીય કાર્યો માટે સેક્ટરવાઈઝ શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જની નિમણુંક કરી તેની યાદી જાહેર કરી છે.
- પાટનગરના ચોપાટી વિસ્તારમાં આવેલ જય જલારામ ભોજનાલયના સંચાલકો કુંભરવાડિયા અને તેમના સહયોગીઓ રાકેશ જાની, અશોક રાઠોડ, રમેશભાઈ વાઘેલા, નિલેશ ઠક્કર, નયન રાવલ અને રાજેન્દ્ર ચૌહાણ દ્વારા શ્રમજીવી પરિવારોને નિ:શુલ્ક ભોજન પીરસવામાં આવી રહ્યુ છે.
- વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજયના મુખ્યમંત્રીને એક પત્ર લખી, મહેસુલ અને આરોગ્યના કર્મયોગીઓને વીમા કવચ ઉપરાંત દરેક જિલ્લામાં કોરોના વાયરસ માટેના ટેસ્ટની લેબોરેટરી શરૂ કરવા માંગ કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં પણ લોકડાઉનનું અસરકારક અમલીકરણ થઈ રહ્યુ હોવાથી તંત્રએ રાહત અનુભવી છે.

# જિલ્લાના ત્રણ માર્કેટ યાર્ડમાં ખેડૂતો દ્વારા ૧૧૬૬ ક્વિન્ટલ શાકભાજીનું વેચાણ

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના કારણે થયેલા લોક ડાઉન દરમ્યાન જિલ્લા વાસીઓને રોંજિદી જરૂરિયાત એવા લીલા શાકભાજી પર્યાપ્ત માત્રામાં મળી રહે અને તેનું કાળા બજાર ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રએ સુચારું આયોજન કર્યુ છે, તેવું જિલ્લા સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી શ્વેતાબેન પટેલે જણાવ્યું છે. તા. ૨૮મી માર્ચના રોજ જિલ્લાના ત્રણ શાકભાજી માર્કેટ યાર્ડમાં કુલ – ૧૧૬૬ ક્વિન્ટલ વિવિધ શાકભાજી વેચાણ માટે આવી હતી.

ગાંધીનગરના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી શ્વેતાબેન પટેલે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લામાં શહેરો સહિત ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉન દરમ્યાન કિરાણા, લીલા શાકભાજી અને દૂધ જેવી રોજ રોજની જીવન જરૂરિયાતની વસ્તુઓ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.




જે અનુસંધાને ગાંધીનગર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં શાકભાજીનો પૂરતો જથ્થો લઈ ખેડૂતો શાકભાજીના હોલસેલ માર્કેટમાં આવી રહ્યા છે. દહેગામ, ગાંધીનગર, કલોલ અને માણસા ખાતેના શાકભાજીના હોલસેલ માર્કેટ આવેલા છે. ત્યાં નિયમિત સવારના સમયે દહેગામ, ચંદ્રાલા અને અન્ય જગ્યાએથી લીલી શાકભાજી નિયત સમયમાં આવી જાય છે. તા. ૨૮મી માર્ચના રોજ આલમપુર શાકમાર્કેટમાં બટાકા- ૮૦ ક્વિન્ટલ, ડુંગળી- ૭૦ ક્વિન્ટલ, ટામેટા – ૧૮૦ ક્વિન્ટલ અને લીલા શાકભાજી ૨૩૦ ક્વિન્ટલ મળી કુલ – ૫૬૦ ક્વિન્ટલનો શાકભાજી વેચાણ અર્થે આવ્યું હતું. તેમજ માણસા શાકભાજી માર્કેટ યાર્ડમાં બટાકા – ૫ ક્વિન્ટલ, ટામેટા – ૧૧ ક્વિન્ટલ અને લીલા શાકભાજી – ૬૦ ક્વિન્ટલ મળી કુલ- ૭૬ ક્વિન્ટલ શાકભાજી માર્કેટમાં વેચાવા માટે આવ્યું હતું. તેની સાથે કલોલ માર્કેટ યાર્ડમાં ટામેટા – ૧૨૦ ક્વિન્ટલ અને લીલા શાકભાજી ૪૧૦ ક્વિન્ટલ મળી ૫૩૦ ક્વિન્ટલ શાકભાજી વેચાણ માટે આવ્યું હતું. આ શાકભાજી છુટક વિતરણ કરતાં શાકભાજીના લારીવાળાઓને કોરોના વાયરસથી સંક્રમણ ન ફેલાય તે માટે જરૂરી નિયમોનું પાલન કરવામાં આવે છે. તેમજ તેમને આ અંગે જાગૃત કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પૂરતા પ્રમાણમાં શાકભાજીનું વાવેતર થયું હોવાથી શાકભાજી નિયમિત રીતે નગરજનોને મળી રહેશે.

# રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને કેટલીક છૂટછાટ આપવાની વ્યવસ્થા ગોઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતો લોકડાઉનની પરિસ્થિતિમાં પોતાના રવિ પાકની લણણી કરી શકે તેવા ઉદાત ભાવથી રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને કેટલીક છૂટછાટ આપવાની વ્યવસ્થાઓ ગોઠવી છે.

તદનુસાર રવિ પાકના ખેડૂતોને પાક લણવાનો આ સમય છે, તેથી પાક કાપણી માટે હાર્વેસ્ટર, થ્રેસર, રીપર, સાધનોના માલિક, ડ્રાયવર, મજૂરો વગેરેને આ હેતુસર અવરજવરની છૂટ રહેશે.

એટલું જ નહિ પાકની કાપણી પછી કૃષિ પેદાશોને નુકસાન ન થાય તે માટે ખેતરથી ઘર કે પાક સંગ્રહ ગોડાઉન સુધી પાક લઈ જવાની છૂટ રહેશે.

બાગાયત પાકો અને ઉનાળું પાકના મર્યાદિત વિસ્તારોમાં પીયત અને પાક જાળવણી માટે જે તે ખેતરના ખેડૂતોને અવરજવરની છૂટ અપાશે.

પીયત માટે વીજ પુરવઠો થોડા દિવસ દિવસે અને થોડા દિવસ રાત્રે આપવામાં આવતો હોય છે. આથી રાત્રિ પાવર હોય તે દિવસોમાં આવા મર્યાદિત ખેતરના ખેડૂતોના રાત્રિ વીજળી પુરવઠાના દિવસો પૂરતા રાત્રે ખેતરે જઈ આવી શકશે.

## સ્વજનગૃહ ખાતે ચાલતી ટિફીનસેવા અને ભોજનસેવા

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્વ. મુક્તગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જલારામ સદાવ્રત સ્વજનગૃહ દ્વારા શહેરમાં લોકડાઉન સ્થિતિમાં રોજીરોટી બંધ થઈ જવાથી અટવાઈ પટેલા શ્રમિકો, પેઈંગ ગેસ્ટ પદ્ધતિથી રહેતા અને બહારના ભોજનાલયો કે ટિફીન આધારિત રહેતા જેમને ભોજનાલયો ટિફીન વ્યવસાય બંધ થઈ જવાથી જમવાની મુશ્કેલી પડી રહી છે તેવા નોકરિયાતો-વ્યવસાયિકો વગેરેને વિના મૂલ્યે ટિફીન સેવા પુરી પાડવામાં આવી રહી છે.

# કોરોના વાયરસે ૧૯૯ દેશોમાં તરખાટ મચાવ્યો છે, ૩ માસમાં ૬.૮૦ લાખ કેસ, ૩૧૮૦૦નાં મોત

કોરોના વાયરસના વિશ્વમાં ૬.૮૦ લાખ કેસ થયેલા છે. અત્યાર સુધીમાં ૩૧૮૦૦ લોકોના મોત થયાં છે. રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૧.૫૦ લાખ જેટલી થવા જાય છે. વિશ્વના ૧૯૯ દેશોમાં આ રોગ ફેલાયેલો છે જેને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ચાઈનાના વુહાનથી શરૂ થયેલા કોરોનાના સૌથી વધુ ૧.૨૫ લાખ કેસ અમેરિકામાં જોવા મળ્યા છે. અમેરિકામાં મૃત્યુઆંક વધીને ૨૫૦૦ થયો છે. કોરોનાના સૌથી વધુ કેસો જ્યાં થયાં છે તેવા દેશોમાં અમેરિકા પછી ઈટાલીમાં ૯૨૪૭૨, ચાઈનામાં ૮૧૪૩૯, સ્પેનમાં ૭૮૭૯૭, જર્મનીમાં ૫૮૨૪૭, ઈરાનમાં ૩૮૩૦૯, ફ્રાન્સમાં ૩૭૫૭૫, યુકેમાં ૧૭૦૮૯ અને સ્વિટ્ઝર્લેન્ડમાં ૧૪૩૫૨નો સમાવેશ થાય છે. કોરોનાથી સૌથી વધુ ૧૦,૦૦૦ કરતાં વધુ મૃત્યુ ઈટાલીમાં થયાં છે. સ્પેનમાં ૯૫૨૮, ચીનમાં ૩૩૦૦ અને ફ્રાન્સમાં ૨૩૧૫ છે.

**● સરકારે પાન-સિગારેટના ગલ્લા કેમ બંધ કરાવ્યા...**

લોકડાઉનની હાલતમાં સરકારે પાન-સિગારેટ અને તમાકુ વેચતી દુકાનો અને ગલ્લા બંધ કરાવ્યા છે તેની પાછળ મહત્વનું કારણ કોરોના વાયરસનો ઝડપથી ચેપ લાગી શકે છે. સરકાર સમક્ષ એવી સવાલ આવ્યા હતા કે શરાબ અને સિગારેટ પિનારા લોકોને વાયરસનો ચેપ લાગી શકે છે ત્યારે નિષ્ણાંતોનો જવાબ એવો હતો કે વ્યસનોના સંદર્ભમાં નિવ્યસની લોકોની સરખામણીએ વ્યસનીને ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. સિગારેટ પીવામાં હોઠ અને હાથનો ઉપયોગ વધારે થાય છે અને ફેફસામાં પણ ધુમાડા જાય છે તેથી ખાંસી થવાની સંભાવના વધે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ સ્પષ્ટ કર્યું છે કે દારૂ અને સિગારેટનું સેવન કરનારી વ્યક્તિને કોરોના વાયરસનો ચેપ લાગવાનું જોખમ વધી જાય છે. આ યોગ્ય સમય છે કે તમે તમારૂં વ્યસન છોડી શકો છો. સારૂં ખાવ, પુરતી ઉંઘ લેવી અને શરીરને સતત એક્ટિવ રાખો...

**● વિષાણું માથાના વાળથી ૯૦૦ ગણો નાનો છે...**

વિશ્વમાં ફેલાયેલા કોરોના વાયરસથી બચવાના અનેક ઉપાયો છે જે પૈકી લોકડાઉનનું માધ્યમ સૌથી શ્રેષ્ઠ છે. અગાઉ પણ ભયાનક રોગચાળા આવ્યા છે ત્યારે લોકડાઉન એ જ સર્વશ્રેષ્ઠ ઉપચાર હતો. સોશ્યલ ડિસ્ટન્સિંગ હોવું જરૂરી છે. કોરોના વાયરસનો ચેપ લાગે નહીં તે માટે માસ્ક અને સેનેટાઈઝરની ભલામણ કરવામાં આવે છે. ઘર થી બહાર નિકળતાં માસ્ક અને પાછા આવ્યા પછી સેનેટાઈઝર વાપરવું જરૂરી છે. આપણો હાથ મોંઢા પર જવો ન જોઈએ તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે પરંતુ તેની સાથે કેટલીક બીજી બાબતો છે જેની પ્રત્યે તકેદારી રાખવી જોઈએ. અનુભવી ડોક્ટરો કહે છે કે વાયરસના વિષાણુંઓ હાથ પર જ નહીં, તમે પહેરેલા કપડાં પર, માથાના વાળ પર, ખરીદી વખતે ચલણી નોટો અને સિક્કાની હેરફેર વખતે, મોબાઈલના ઉપયોગ સમયે કે ક્રેડીટ-ડેબીટ કાર્ડના ઉપયોગથી પણ ફેલાય છે. પ્રત્યેક ચીજવસ્તુ માટે એવો સમય નક્કી છે કે આ વિષાણુંઓ કેટલા સમય માટે જીવિત રહે છે. આ વાયરસ હવામાં તરી શકતા નથી પરંતુ કોઈપણ સપાટી પર સ્થિર થાય છે. માથાના વાળની સરખામણીએ ૯૦૦ ગણો નાનો છે.

**● કોરોના વાયરસના હકીકતમાં કેવા છે લક્ષણો...**

સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવવાથી વિષાણુંયુક્ત કણ શ્વાસના રસ્તે શરીરમાં પ્રવેશ કરે છે. વ્યક્તિના શરીરમાં ફેફસા એવી જગ્યા છે કે જ્યાંથી ઓક્સીજન શરીરમાં દાખલ થાય છે અને કાર્બન ડાયોક્સાઈડ બહાર નિકળે છે, પરંતુ કોરોનાના બનેલા નાના એરસૈકમાં પાણી જામવા લાગે છે તેથી શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ સ્થિતિમાં દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોના વાયરસના મુખ્ય લક્ષણોને ટકાવારી પ્રમાણે વહેંચ્યા છે જેમાં ૮૮ ટકા તાવ, ૬૮ ટકા ખાંસી અને કફ, ૩૮ ટકા થાક, ૧૮ ટકા શ્વાસ લેવામાં તકલીફ, ૧૪ ટકામાં શરીર અને માથામાં દુખાવો, ૧૧ ટકામાં ઠંડી લાગવી અને ચાર ટકામાં ડાયરિયાનો સમાવેશ કર્યો છે. નાકમાંથી પાણી વહેવું એ કોરોનાના દર્દીઓમાં મળ્યું નથી. ભારતના ડો. અંશુલ વાષ્ણેયનું કહેવું છે કે કોઈપણ વ્યક્તિને સુકી ખાંસી અને વધુ તાવ હોય તો તેણે એકવાર કોરોના વાયરસ અંગેનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. લંડનની કિંગ્સ કોલેજની ડોક્ટર નેટલી મૈકડરમોટ કહે છે કે વાયરસના કારણે રોગ પ્રતિકારક તંત્રનું સંતુલન બગડે છે અને સોજો દેખાય છે પરંતુ અમે હજી સુધી એ શોધી શક્યા નથી કે આ વાયરસ કેવી રીતે કામ કરે છે.




**● કેવી રીતે ખબર પડે છે કે કોરોના વાયરસ છે...**

કોરોના વાયરસની અસર ફેફસાં પર થાય છે પરંતુ તે પહેલાં શરૂઆત તાવ અને સુકા કફથી થતી હોય છે જેનાથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

## નખ વધારવાની ફેશન રાખી હોય તો ઝડપથી નખ કાપી નાંખજો, સંક્રમણ થઇ શકે છે

વૈજ્ઞાનિકોના મતે વાયરસ સંક્રમણના લક્ષણો દેખાવામાં પાંચ દિવસ થતાં હોય છે. જે વ્યક્તિને કોરોનાનું સંક્રમણ થયું હોય તેને ઈન્ફેક્શન ફેલાવાની શક્યતા આ પાંચ દિવસમાં થાય છે. ડબલ્યુએચઓના કહેવા પ્રમાણે વાયરસના શરીરમાં પ્રવેશ તેમજ લક્ષણો દેખાવવામાં ૧૪ દિવસનો સમય લાગી શકે છે. વાયરસની શરૂઆત તાવથી થાય છે પછી સુકી ખાંસી આવે છે અને સપ્તાહ બાદ શ્વાસ લેવામાં તકલીફ પડે છે. કેટલાક કેસોમાં માથામાં અને સ્નાયુનો દુખાવો રહેતો હોય છે. બને ત્યાં સુધી કાચું ખાવાનું ટાળવું જોઈએ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ૫૬ હજાર જેટલા દર્દીઓના ડેટાનો અભ્યાસ કર્યો હતો અને તેમાં જણાયું હતું કે છ ટકા લોકો ગંભીર બિમાર પડ્યા હતા. જેમાં ફેફસા નકામા થવા, સેપ્ટિક શોક, ઓર્ગન ફેલિયોર અને મૃત્યુનો ખતરો હતો. ૧૪ ટકા લોકોમાં શ્વાસ લેવાની તકલીફ સામે આવી જ્યારે ૮૦ ટકા લોકોને તાવ, શરદી અને ન્યૂમોનિયા જેવા લક્ષણો જોવા મળ્યા હતા.

**● પાલતુ પ્રાણીઓથી કોરોનાનો ચેપ ખાસ કિસ્સામાં લાગે...**

આપણે ત્યાં પાલતું પ્રાણીઓ પાળવાનો લોકોને ક્રેઝ હોય છે. સામાન્ય રીતે વિવિધ પ્રકારના ડોગ્સ લોકો પાળતા હોય છે પરંતુ તેમણે થોડી તકેદારી લેવાની જરૂર છે. આ રોગ ગાય કે ભેંસ જેવા પ્રાણીઓમાંથી માનવીમાં આવતો નથી. કોરોના વાયરસ કોઈપણ પ્રાણીમાં ફેલાયો હોય તેવા કોઈ પુરાવા હજી સુધી મળ્યા નથી. આ વાયરસ માનવીઓમાં જોવા મળે તેમ પશુઓમાં જોવા મળે છે પરંતુ સામાન્ય રીતે એક જ જાતિના જીવમાં સંક્રમિત થાય છે. અલગ અલગ જાતિઓ વચ્ચે તેનો ફેલાવો થતો નથી. એટલે કે પાળેલા પ્રાણીઓથી માનવીને ચેપ લાગતો નથી પરંતુ પ્રાણીની જીભના સ્પર્શ કે સંક્રમણ ધરાવતી વ્યક્તિની ખાંસીથી આ વાયરસ ફેલાય છે. હંમેશા પાળેલા પ્રાણીઓને સ્પર્શ કર્યા બાદ હાથ સાબુથી ધોવા જોઈએ.

**● ચલણી નોટો અને સિક્કાથી પણ ચેપ લાગી શકે છે...**

કોરોના વાયરસનો ચેપ ચલણી નોટોથી પણ લાગી શકે છે. ચલણમાં રહેલા સિક્કાથી પણ લાગે છે. ચીનની સરકારે બિમારીને ફેલાતી અટકાવવા માટે તમામ બેન્કોની રોકડ ગ્રાહકોને પાછી આપવામાં આવે તે પહેલાં સ્ટરીલાઈઝ્ડ કરી દીધી હતી. ભારતીય રીઝર્વ બેન્ક પણ કહે છે કે ચલણી નોટો કે સિસ્સા હાથમાં લેવાથી ચેપની શક્યતા રહેલી છે તેથી લોકોએ ઓનલાઈન પેમેન્ટનો આગ્રહ રાખવો જોઈએ. લોકો પાસે રહેલા ક્રેડીટ કે ડેબીટ કાર્ડ પર કોરોના વાયરસનું વહન શક્ય હોવાથી કાર્ડ પણ મર્યાદિત વાપરવાની સલાહ આપવામાં આવે છે. બની શકે તો પેટીએમ, ફોન-પે કે ગુગલ પે જેવી એપ્લિકેશનની મદદથી ટ્રાન્ઝક્શન કરવાની સલાહ આપવામાં આવે છે.

## મોબાઇલ ફોનને સ્વચ્છ રાખો, બેકકવર કર્યું હોય તો હમણાં કાઢી નાંખજો, નહીં તો જોખમ

**● શૂન્ય થી નવ વર્ષના બાળકોમાં ઝીરો મૃત્યુઆંક**

કોરોના વાયરસથી નાના બાળકો બચી શકે છે, કારણ કે તેમની રોગ પ્રતિકારક શક્તિ વધારે હોય છે. સૌથી વધુ જોખમ ૮૦ વર્ષ અને તેની વધુ ઉંમરની વ્યક્તિઓને રહેલું છે. એટલું જ નહીં બ્લડપ્રેશર, હાર્ટ કે ડાયાબિટીશ પેશન્ટને કોરોના વાયરસનો ચેપ ઝડપથી લાગી શકે છે તેથી તેમને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. વર્લ્ડોમીટરે કરેલા સર્વેક્ષણમાં એવું બહાર આવ્યું છે કે શૂન્ય થી નવ વર્ષ સુધીના બાળકોને કોરોના પોઝિટીવ હોય અને તે સારવારમાં હોય ત્યારે મૃત્યુઆંક શૂન્ય છે. ૧૦ થી ૧૯ વર્ષની વય, ૨૦ થી ૨૯ વર્ષની વય તેમજ ૩૦ થી ૩૯ વર્ષની વયમાં મૃત્યુઆંક ૦.૦૨ ટકા જોવા મળ્યો છે, જ્યારે ૫૦ થી ૫૯ વર્ષની વયમાં મૃત્યુઆંક ૧.૩ ટકા છે. કોરોના વાયરસના કારણે ક્રિટીકલ કન્ડીશનમાં થતાં મોતમાં સૌથી મોટો આંકડો ૮૦ વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓનો જોવા મળ્યો છે. આ ઉંમરની વ્યક્તિઓના મોતની ટકાવારી ૧૪.૮ જોવા મળી છે.

**● મોબાઇલ ફોનથી પણ ચેપ લાગી શકે છે...**

તમારા મોબાઈલ ફોનને સુરક્ષિત રાખવો જરૂરી છે. તમે હાથ સાફ કર્યા છે પરંતુ તે હાથે મોબાઈલ પકડો છો પરંતુ જો તેમાં આ વિષાણું ચોંટ્યા હોય તો તેની સીધી અસર થઈ શકે છે. કોરોના વાયરસનું સંક્રમણ ઉધરસ અને છીંકના શૂક્ષ્મ બિંદુઓ મારફતે ફેલાતું હોય છે. જો તે બિંદુઓ મોબાઈલ ફોન પર હોય તો તેમને ખ્યાલ પણ આવતો નથી. મોબાઈલ ફોન સ્વચ્છ રાખવા એ પણ જરૂરી છે. મોબાઈલ ફોન બનાવતી કંપનીઓ કહે છે કે ફોનને આલ્કોહોલ, સેનેટાઈઝર કે સ્ટેલિંઝિંગ વાઈપથી સાફ કરવો નહીં, કારણ કે તેમ કરવાથી તેની સ્ક્રીનના કોટીંગને નુકશાન થાય છે. આ નુકશાન પછી કોરોનાના વિષાણુંઓ તેની પર ચોંટી જવાની સંભાવના વધી જાય છે. વોટર રેઝિસ્ટન્ટ ટેકનોલોજી ધરાવતા મોબાઈલને સાબુ કે પાણી અથવા સિંગલ યુઝ પેપર ટોવેલથી સાફ કરી શકાય છે. ખાસ કરીને મહિલાઓ જે મોબાઈલ ફોન વાપરે છે તેમાં રસોડાની ચિકાશ આવતી હોય છે તેથી વાપરતા પહેલાં તેના પર રહેલી ચિકાશને દૂર કરવી હિતાવહ છે.

**● કપડાં પર નવ કલાક, મોબાઇલ પર ૪૮ કલાક...**

નિષ્ણાંતો કહે છે કે કોરોના વાયરસના વિષાણુંઓ કપડાં પર નવ કલાક સુધી જીવિત હોય છે જ્યારે મોબાઈલ ફોન પર નવ દિવસ સુધી જીવતાં હોય છે. અમેરિકાના સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનના જણાવ્યા પ્રમાણે કોરોના વાયરસ શરીર બહાર નવ દિવસ સુધી જીવતો હોય છે. આ વાયરસ કોઈપણ મેટલ પર ૧૨ કલાક સુધી જીવે છે. ચામડી પર ૧૦ મિનીટ જીવે છે. મોબાઈલ સ્ક્રિન પર ૪૮ કલાક સુધી જીવિત હોય છે પરંતુ જો મોબાઈલ પાછળ પ્લાસ્ટીકનું કવર હોય તો તેના પર સૌથી વધુ નવ દિવસ સુધી જીવિત હોય છે. આથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ મોબાઈલને સ્વચ્છ રાખવાની સલાહ આપી છે. કપડાં પરનો વાયરસ નવ કલાક તો હોય છે પરંતુ કપડાં જો સૂર્યના તડકામાં સૂકવવામાં આવે તો સૂર્યપ્રકાશની ગરમીથી તે કમજોર પડી જાય છે. કોરોના વાયરસને ઉંચું તાપમાન માફક આવતું નથી તેથી ગરમીનો પારો ૩૫ ડીગ્રીથી વધે ત્યારે તે નાશ થાય છે. કેટલાક વિસ્તારોમાં અત્યારે તાપમાન ઉંચુ હોવાથી ત્યાં કોરોનાના કેસો ઓછા જોવા મળ્યા છે.

**● નખ વધારવા ફેશન જોખમી બની શકે છે...**

અત્યારે નખ વધારવાની ફેશન થઈ છે. નખ વધારવાનો સૌથી વધુ શોખ યુવતીઓને હોય છે પરંતુ હવે તો યુવાનો પણ આ શોખ પોષી રહ્યાં છે. કોરોનાથી બચવા માટે તમે જ્યારે સેનેટાઈઝર કે સાબુથી હાથ ધુવો છો ત્યારે હાથ તો સાફ થાય છે પરંતુ નખમાં અંદર રહેલો કોઈપણ પદાર્થ સાફ થતો નથી. એટલે કે કોરોનાના સંક્રમણ સમયમાં આંગળીઓને નખ કાપી નાંખવા જોઈએ, કેમ કે હાથ ધોતી વખતે સેનેટાઈઝર નખની અંદરની બાજુએ જઈ શકતું નથી. આવા સમયે ફેશન છોડીને યુવતીઓએ તેમના નખને કાપી નાંખવા જોઈએ, કેમ કે તે કોરોના પોઝિટીવ કેસના સંપર્કમાં આવ્યા પછી ક્યારેક જોખમી બની શકે છે. વાયરસને સાદા માસ્કની મદદથી પણ રોકી શકાય છે, એટલે માસ્ક ન મળે તો ચોખ્ખો હાથરૂમાલ પણ મોંઢા પર બાંધી શકાય છે. યુવતીઓની એક ફેશન આજે બહું કામ લાગે છે અને તે વાહન ચલાવતી વખતે મોંઢા પર બાંધેલો દુપટ્ટો છે. સામાન્ય રીતે ચહેરા પર આવતી ગરમીને રોકવા માટે તે પહેરવામાં આવે છે પરંતુ આ દુપટ્ટો કોરોના વાયરસના સંક્રમણ સમયે માસ્કનું કામ કરે છે.

# પશુથી ફેલાતો નથી, સિગારેટ પીતા હોવ તો હમણાં બંધ કરી દો, ઝડપથી ચેપ લાગે છે